**આદર્શ નિવાસી શાળા (કુમાર), દાંતા, જિ.બનાસકાંઠા ખાતે પ્રાર્થના હોલ, લાયબ્રેરી ખંડ અને લેબોરેટરી ખંડના બાંધકામ માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**નવી બાબત. ૨૦૧૫-૧૬**

**ગુજરાત સરકાર,**

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૫/ન.બા.૨૯/ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧/૦૪/૨૦૧૫.

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૧૫/૧૨/૨૦૧૪નો પત્ર નં:- ટીડી/અનશ/ન.બા./ ફા.નં.૧૩૨૩/૨૦૧૪-૧૫/૨૫૮૧ થી ૨૫૮૨.

**ઠરાવ:-**

ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી આદર્શ નિવાસી શાળાઓની યોજના વર્ષ ૧૯૮૬-૮૭ ના વર્ષથી કાર્યરત કરવામાં આવી છે અને હાલ ૪૪ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જે પૈકી આદર્શ નિવાસી શાળા (કુમાર) દાંતા, જિ.બનાસકાંઠા ખાતે વિજ્ઞાન પ્રવાહ શરૂ થયેલ છે. આ શાળામાં પ્રાર્થના હોલ, લાયબ્રેરી ખંડ અને લેબોરેટરી ખંડની સુવિધા ઉપલબ્ધ કરવાની જરૂરીયાત હોઈ રૂ.૨૮૩.૬૩ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (કુમાર) દાંતા, જિ.બનાસકાંઠા ખાતે પ્રાર્થના હોલ, લાયબ્રેરી ખંડ અને લેબોરેટરી ખંડના બાંધકામ માટે રૂ.૨૮૩.૬૩ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. (S.O.R) મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:- ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૪૨ VKY મકાન આદર્શ નિવાસી શાળા (કુમાર) દાંતા, જિ.બનાસકાંઠા ખાતે પ્રાર્થના હોલ, લાયબ્રેરી ખંડ અને લેબોરેટરી ખંડના બાંધકામ હેઠળ થયેલ ચાલુ વર્ષની જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૭/03/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

-/-

**(નરેન્દ્ર વાઘેલા)**

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

મદદનીશ કમિશનરશ્રી, (આ.વિ.), બનાસકાંઠા.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.